તેરે ગાલ ગુલાબી નેન અજબ કાંતીહે, તેરી પતલી કંમર જેસી કમાન
મીલજાતી હે.
કુરનોપેં તેરેમે ભવર કમર બીલહારા, તેરીનાજુક અદાને મુજે જાનસે મારા
તેરી આંખ ચમકતી રાતદીન હો તારા,તેને મારા ચરમ સમસેર એં ચદ્દી ધારા

૧૧૨ ઉમા દેવડી

છોડો છોડો છબીલા, જાઓ હઠો હઠીલા મારી લુટાશે નવલખ—છબીલી૦
તમે મ્હોટા પુરૂષ મહારાજ, પાણી પ્હેલાં બાંધી લ્યોને પાજ—મારી૦
વાહ વાહ વચન રસીલાં, તારા નયન રંગીલા
ગોરી ગાળ ગરવને ગુમાન—રસીલી પ્યારી૦
લાગે જેને પ્રીતનુંજ તાન, ગણે નાના મોટા સૌ સમાન—ગોરી
કંચમે કથે જગમાં બાળા, વિરલા પાલણહાર;
પ્રીત ભગત ભામા સદા, વચન નિભાવણ હાર.
મુકો મુકો માનુની ગુમાન, શાણા દાસીછું તારી સુજાણ.
ચાલો ચાલો ચતુર પ્રિય પ્રાણ—છોડો૦

૧૧૩ ચંદ્રહાસ

ચયાછોરે પતી તેજ પ્યારી તનના, ઉર હસી વરી આજે
છેલ છબીલાં, રૂડા રંગીલા, રાજપુત્ર પ્રખ્યાત,
જોયા બાગે, અનુરાગે, ચીત લાગે, કેમ ત્યાગે-પ્રભુ
મેં તનમન તમને અરપ્યું થઇ રાજી—ચયા૦
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયાં, દીલમાં જે ચીત ચાહ
નોતું નકી, નોતી વકી, નીસા પકી, વીધી લખી,
પ્રીયા ઉતમ તન બની દેવ સુંદરી, પદમણી મળી આજે
મ્હેલ જતાં તેદી તરછોડી, હવે ન મુકું હાથ;
ચાલો આવું, મન ભાવ્યું, કેમ નાવું, પ્રીય કહાવું,
હવે હાજર છું તનમન ધન દેવા, જેમ પ્રેમ છાજે-ચયા

૧૧૪ ઉદયભાણ

સાહેબા સલુણા નાની નણદલના વીરા,
લાલ લટકાલા મને (૨) આછા આછા લાટ ઘડાવો મારા સાહેબા
સરખી સહયર મળી હાંશી કરેછે,
લાજી મરછું બાઇ (૨) વેલા વેલા સોનીડા તેડાવો મારા સાહેબા
નાનું હું નાથ એક ઝુમણું ને મહી જીણા જીણા હીરલા જડાવો
નવસેરો મોતાનો હાર મારા સાહેબા જીણા જીણા લીલમ મુકાવો
જોગવાઇ જાસતી જો હોય મારા વાલમાં કંકણુને માણેક મઢાવો
ગરીબ ઘણીને બાઇ ઝાઝું તે શું કહીએ બસ આટલેથી મનવાલીને રહીએ
બાઇસાબ મોટા એક ૧ાણી માગી લઇએ—સાહેબા સલુણા

૧૧૫

બટવા ગુંથન દેરે મીઝાજવા—બટવા૦
આજ મોરે બાળેકાં બાળા જોબનવા—બટવા૦
ચીકનેમેં ચીકના, પીંપળકાં પતવા દુસરા ચીકના ધીમ
તીસરા ચીકના ગોરીકા જોબના, યારોકા લલચાય જીવ—આજ
નદી કીનારે પલંગ બીછાયા, પાયા ડુલ ડુલ જાય
કીસ પાપાકી નજર લાગી. મેરા પરડા ખુલ ખુલ જાય—એજી
નદી કીનારે બગલા બેઠાં, ચુન ચુન મછલી ખાય.
બડી મછીને ડંખજ મારા, તલપ તલપ જીવ જાય—આજ

૧૧૬ કળાવતી

મારા પીયુ લાગી તમથી પ્રીત, કયાં તજી જાઉં હું વાલમાં—મારી૦
તમવીણુ ચેન નહીં પછી કેમ ચાલે, મારે મન ઘડી યુગ જેવી જણાય,
ભેટા છનનનનનનનનનન—મારી૦
દોહરા—સાચી પ્રીતી મીનની જળ વીણુ જીવે કેમ!
તમ દર્શન વીણુ તરફડે આ જીવન પણુ તેમ—મારી૦

૧૧૭ સોભાગ્ય સુંદરી

ધીમાં ધીમાં ચાલો મારા પ્રાણુરે,
પગ નાજુક તમારા આ મચકાઇ જાશે, કમર લચકાઇ જાશે, ઓ સુજાણુરે
નાજુકવેલી ફુલસમી, કોમળ આ તુજ કાય,
ધડકે છાતી શ્વાસથી, એ અચળથી ઓળખાય,
પરસેવાનાં બીંદુ આ બાઝયાં મુખે,
મુખ રાતુ થયું થાક અતિ દુખે,
આ છાતીપરે લ્યો વિસામો સુખે—ઓ સુજાણુરે—ધીમા૦

૧૧૮ વીકફ ચરીત્ર

ક્રોધ દુધ લ્યો દિલ રંગી.
શોખીલા શાણા ઉમંગી હો—ક્રોધ૦
દેશી પીયે કસુંબલો, ગાંજો પીએ અબુધ,
દારૂ દીવાના પીયે, દાના પીયે દુધ—હાં ક્રોધ૦
એક અમી રસ દેવનો, બીજો રસ છે પ્રેમ,
ત્રીજો રસ ગોરસ ભલો, પીધે કાયા હેમ—હાં૦ ક્રોધ૦
ગોરી ગરવી ગાયનાં, ગોરાં મારાં દુધ,
હું પણ ગોરી ગોરડી, ગોરૂં દીલ છે શુધ્ધ-હાં૦ ક્રોધ૦
હેમ કટોરો હાથમાં માંહી અમૃત સાર
ચતુર હોય તે ચિતવે ગુણ સમજે ન ગમાર

૧૧૯ ભજન રત્ન

તમો સુણો અરજ ઉર મારીરે, ઘરમાં ગરવા ન દે ઘર નારી,
કહેછે ચોળી શીવડાવો, રેશમી સાડી મંગાવો,
ગજરા બંગડી કરાવો પીયુ મારી,
પેટની ખાતર હું કરતો લાચારી,
કયાંથી શોધી લાવું વસ્ત્રો ભારી,
ગયોછું હારી, હું નીજ નારી, આવી દશા થઇ મારી—તમે૦
થાશો ન કોઇ ઘરબારી સંસારી, પ્યારી પરણેથી થાશે ખુવારી
શીક્ષા સારી, માનો જો મારી, આથી અકેલી જીંદગી સારી-તમે

૧૨૦ રામ ચરીત્ર

ભલે જાઓ સીધારો મારાં બાલ,
માજી નવ દુખ દીલ ધારોરે,
બાળ પણ જાઓ શત્રુકાળ
રણભૂમી રંગી માતા રાક્ષસ રૂધીર થકી,
પ્રગટે મા પાસાંનો પ્રતાપ,
થાઓ બસ જય જય જય જય જયરે બાળ૦
દળી દળ દુશમન કેર, દુનીયામાં છાપીશું
દેવ દસરથ કેરી છાપ,
થાઓ બસ જય જય જય જયરે—બાળ૦
વ્હેલા વ્હેલા વલજો વ્હાલા ! વીજયની માલાધારી,
જપુંછું વીજય જપ જાપ,
થાઓ બસ જય જય જય જયરે—બાળ૦

મુલરાજ સોલંકી

ગુલાબી મધુ પાજો મારા લાલ.
મારા રંગ ભીના મહા રાજ,
મારા રસીક છબીલા રાજ—ગુલાબી૦
કામની કેરો કંથ ડોરે જોબનીયાનું જોર.
રસીયાનો રસ પ્રાણ છેરે મીઠો મધુનો તોર—ગુલાબી૦
એક બુંદ બંધન હરેરે પ્યાલો હરે સહુ પાપ,
શીશો સરગનો સાથીડોરે આપે આનંદ અમાપ—ગુલાબી૦

૧૨૨ કરણ ઘેલો

ચાહે તુ ધીકકાર માર પ્યારમાં બોલાવીને,
પ્યારમાં બોલાવી પ્રાણ સુખમાં ડોલાવીને—ચાહે.
ચુક પડી ક્ષમા કર કૈલા હવે.
શાન્તિ તું પમાડ વિરહા અગ્નિને બોલાવીને—ચાહે.
તારા સમાન નથી વ્હાલી બીજી મને
માન મુક માનીતી મન મેદને ખોલાવીને—ચાહે.

૧૨૩ કનક તારા

સુલભ સબરે ચલ જાઓ અબ સુંદર પ્યારે.
તુંજ હો મારગ સુખદાઇ એ આશીષ હમને સુનાઇ, સુખદ હો અબરે—ચ
ગુરૂ સુમરનમેં ધ્યાન ધર, સુફલ હો તેરા કામ,
નીતી ન્યાય પર રહેનેસે, પાવે સુખ આરામ—સુલભ.
કછુ આન પડીજ તવાઇ, કે બિપત કછુ બનઆઇ ધીરજ ધર તબરે—ચલ
ભજન બખત નહીં ચુકનાં, રહેના ખુબ હોશીયાર.
સચ્ચા માલીક સંભુ સદાશીવ, રખ્ખ ઉસપે આધાર—સુલ૦

૧૨૪ પવીત્ર લીલાવતી

સખીઓ નિજ નિજ નિતિ ધર્મ સદા સંભાલીએરે,
પરમ પવીત્ર પતી વ્રત પટકુલ કરી પરીધાન,
ભાવ સહીત ભકતીથી નીત ભજીએ ભગવાન,
એવા ઉતમ ગુણથી ઊભય સુકુળ અજવાલીએરે—ટેક
નજરે નજર ન જોડીએ, નાથ વીના નર સાથ.
પરનરને નવ આપીએ, તાલી હાથો હાથ,
હસવું રમવું જમવું એકાન્તે નવ બેસવુંરે,
પતી વીણ પતીના પણ સદા મીત્રોની સંગાથ —એવા
નાથ વીના કરવી નહી, વીનોદ ક્રીડા વાત,
વીરૂધ વીરૂધ ન વર્તવું, ભલે તાત કે ભ્રાત
નીરલજ નટખટની સોબત તજવી સુજાત—એવા

કુષ્ટી કદરૂપ કુબડો, નિરધન નિરબળ કાય,
મતિ હીણ પતીત પતિ ૧ળે, એ સતીને સુર રાય.
જોડી પગ અંગુઠે દ્રષ્ટી આધુ ઓઢીએરે,
સુખકર સાચવીએ સૌ સાથે સંપ સદાય—એવાં
ઊંચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ,
કુલીન બ્હેન કરવો નહી વડીલથી વિવાદ,
ચંચળ ચાલે ચટક મટક ચતુરા નવ ચાલીએરે,
શિવ સુત કેશવની શીખામણુ અંતર યાદ—એવા.

૧૨૫ વીણા—વેલી

ચાલો મારા ચતુર સુજાણુ હાં હાં
મારો નહિ નયનાં બાણુ હાં હાં
કાળજે ઉતારી તારી મુરતિ રસીલા પ્રાણુ—ચાલો
ઘાયલ કીધો ત્હેં પ્હેલાં ધુતારી મારી નયનો માર
દાઝયા ઉપર લુણ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેવટ નાજુક નાજુકડી, માર્યો ત્હેં હાય હાય ઠાર ઠાર.
રસીક વર માર્યો ત્હેં હાય હાય ઠાર ઠાર—કાળજે.

૧૨૬ ઉમા દેવડી

નથી જગતમાં સાથ સંબંધી વીના ત્રીભુવન નાથ
શું ફોકટ ફાંફાં, મારે મુરખડાં, ભરે આભથી બાથ
કમળપત્રપર જળ બીંદુને, સુકાતાં શી વાર
શ્રાવણુની જળ ભરી વાદળીઓ, વીખરાતાં શી વાર
જીવતર સમજવું તેવું, આખર ન લેવું દેવું
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ
પંથી જીવ પામી ગયો નર ભવ નગર બજાર
સોદાગર સમજી જાઇ, કરો પુણ્ય વેપાર
જીવ જવું છે ખાલી હાથ અંતરમાં પાપપુણ્ય સંગાથ

૧૨૭ બાહારે ગુલશન

કસુંબી કસુંબી કસુંબી રંગ હો ગએ.
એકતો મેં નેના કસુંબી કસુંબી રંગ હો ગએ (બેવાર)
કાં કાં જાગે સારી રાત નેના કસુંબી રંગ હો ગએ.
એક તો મેં રાજા મેં રાજાકી બેટી (બેવાર)
મેરા સૈયાં હે નાદાન નેના કસુંબી રંગ હો ગએ.
એક તો મેં પાનો મેં પાનોસે પતલી મેં પાનોસે પતલી (બેવાર)
સજ્યા હે સોલે સણુગાર ગે નેના કસુંબી રંગ હો ગએ.
એકતો અંધેરી અંધેરી અંધેરીસી રતીઆ (બેવાર)
બની છાયાં ધમધોર નેના કસુંબી રંગ હો ગએ.
એકતો મેં બાલી મેં બાલી મેં બાલાસે ભોળી (બેવાર)
મેરા સૈયાં હે નાદાન નેના કસુંબી રંગ હો ગએ.

૧૨૮ સરદારબા

ગાજે ગગન ઘરરર ગગન ઘરરર ઝબકે વીજળીઓ ઝરરર
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વીયોગીના ચીત્ત ચરરરર
બોમી બાળા હાય અરરર, સ્વામી સોડે પેસે સરરર–ગાજે૦
હરીયાળી ભુમી ભલી હરીયાળી વળી વંન હરીયાળું સંજોગમાં
અરે વીરહે ઉઠે અગનરે સજની મદન પીડા કયાં કહીએ
બાળા રહીયેરે મનમાં મુઝાઇરે સજની
નદીઓ ખરરર નાસતી, સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે ચટપટ લાગેરે આવે સામે ભોગી ભેટવારે
માતાજી મ્હેર જો કરે કુમારી કોડે કરગરે મચ્યો મદન મહાવીર
મદન માહાવીર થઇએ માતાજી અમે થરરર થઇએ થરરર અરે અરરર-ગાજે

૧૨૯ ઉદયભાણુ

પંથી પરદેશી ચિત્ત સોંપી હું આ ચા...લી
મનને ભાવે તે કરજોરે પુન્ય શાચા...લી
તરસ્યાને ટીંગળાંવવા, પડદે રાખી પ્રીત,
પુછું પ્રવીણ પંથીએ, કોણ ગાગ્નની રીત
શુભ સંદેશા લઇ સંચરજો હું આ ચા...લી
માહા મહિનાનું માવઠું જંગલ મંગલ ગીત,
સમય વિનાનું બોલવું, ત્રણેની એક રીત
વેલા મંડપ માંહી મળજો હું ચા...લી

૧૩૦ વિજયા વિજય

ધન ભાગ્ય પધાર્યા ભમરા–છો દીલહર ડાહયા ડમરા
કમલાપતી આપ હું કમલા રસીઆ રસીક સણગાર.
તું પ્રેમ બતાવે ખોટો—પાતર ધર પ્રીતી તોટો
નહી ગુલાબી હજારી ગોટોરે તું છટકેલ છટેલી નાર,
શણગાર મઝા નહી માની–ફોકટ સમજો જીંદગાની
છે ધરમ કરમ ધુલધાણીરે–શણગાર—રસીઆ૦
છે વીશય વીષનો પ્યાલો–જમપુર નકી જ્યાં ઝાલ્યો
ભવ એલે મદનથી મહાલ્યોરે–છે૦ છટેલી૦
હજુ કુંવર તમે છો કાચા—નથી શાખ્યા મદનની વાચા
નથી નયન મુરલીએ નાચ્યારે–હજુ૦–રસીઆ૦

૧૩૧ કળાવતી

સ્વામી મળવાની લાણુ, ચહાય આ પ્રાણુરે ? સ્વામી.
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણુ ! સ્વયંવર લાણુ.
તારે હાથ પ્રાણ, લેજો મારા પ્રાણુ, પ્રાણ પ્રાણુ પ્રાણુ, સ્વામી,
હવે ચાલો, બહુ ગાલો, વખ્ત ટાલો જરી બાલો.
ફાંક પકડે, બાજી બગડે ! થશે હાણુ સૌ ટાલો–સ્વામી

૧૩૨ પવીત્ર લક્ષ્મી

નયન મીલાવી લે ઓ છબીલી નયન મીલાવી લે.
ચટપટ ચીતમાં લાગી ચતુરા ચુંબન કરવા દે.
મોતન માલા જરીયન સાડી જે જોઇએ તે લે-રસીલી
જગની લલના લાગી રહી તુજ ચ્હેરો જોવા દે.
નાજુક વેલી કોમળ ખીલેલી કળી ચુંટવા દે-છબીલી
મદન અગન અંતરમાં લાગી જલદી બુઝાવી દે-છબીલી
આલીગન આપી અલબેલી ભેટ પ્રેમની લે છબીલી
અધરામૃત રસ પાન કરાવી મધુર વચન મુખ કહે રસીલી

૧૩૩ અશારૂમતી

શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહયો
નાચી રહયો જગ નચાવી રહયો—શું૦
કોયલ મધુર મુરલી બની છેડે નટવર કાન
વિરહ ઘેલી ગોપી ગણું તજી નીકળી અભીમાન
રશીઆ વિનાની બની બાળાઓ બાવરી
વેણું વસંત ચિત વિંધી ગયો—શું૦
શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ
જાણું રાધા કૃષ્ણજી રાસ રમે છે ખાસ
વિધ વિધ પંખીના વેણુ ઘુઘરી ઘમકેરે
મહિં મહિં મેનાના નાદ ઝાંઝર ઝમકેરે
નવ પલ્લવ વાઘો ધરી, પચરંગી શીરપાવ
ફાગ લાલ સાધી રમે મદનરાજ મહાભાગ્ય
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમાં
પ્રીતિ ગુલાલ લાલ છાઇ ગયો-શું૦

૧૩૪ વાણા-વેલા

પધારો સૌભાગી નાર, દાસી પ્રીતમ તુંજ પાયની
સુંદરી રદય હાર, છાયા છબીલા તુજ કાયની.
છો ભાગ્ય દેવી મમ ભામા, રહયા રદય મંદીરે રામા
ભોળા મારા ભરથાર, શાણા શીર સરદાર-દાસી૦
સદા પતિ પ્રીયાના અન્ન દાતારે, પતી દેતા ને અમે ખાતારે
રહીએ પતીવડે રંગ રાતારે, વાહ વાહરે...મારા ભાગ્યના ભંડાર
હુંદીહું આ...મારા પ્રાણુના આધાર—દાસી૦

૧૩૫ કુંદબાલા

આ દેહ પ્રીતી ભરેલી પ્યારી જાન, સેવામાં લીજીએ મંજુર કીજીએ—આ૦
કોમલ વેલી જોબન ઘેલી બ્હાર ખીલેલી નવેલી, પ્યારી જાન.
ફર લપટાઇએ પ્રીતી રસ પાઇએ અરસ પરસ અલબેલા મારી જાન—સેવા
માર મદનનો બ્હાર બદનનો પ્યાર વદનનો છકેલી, પ્યારી જાન
મસ્ત બનાવે ધુમ મચાવે રહે પ્રીત રંગ રસ રેલી મારી જાન—સેવા૦

૧૩૬ વીક્રમ ચરીત્ર

નેણુમાં નીંદરા ન આવે જરી, મારા રામ ગયા વનવાસરે—નેણુમાં૦
હંસ વીનાનાં માગ, સરોવર સુનારે વાઘ વીનાની વન વાટરે—નેણુમાં૦
પંખી વીનાનાં મારાં, પીંજર સુનારે મંદીરીયાં સુના સીતારામરે—નેણુમાં.

૧૩૭ સૌભાગ સુંદરી

પ્હેરી ચોલી લટકાં મટકાં કરતાં આવ્યાં,
રંગે બોલી સાડી ઓઢી મન લેભાવ્યાં.
ઝાંઝરનારે ઝણકારે, કર કંકણુના ખખડાટે,
કાજલથી નેત્ર દીપાવ્યાં—પેહેરી
હવે શરમાવો હાલા, શાને ડીયરજી મારા.
બોલો—બોલોજી, બોલો, બોલો
મેં કેવાં તમારાં નખરાં તો જણાવ્યાં—પેહેરી

૧૩૮ રસીક—મણી

બાદીલા બેગે આયોરે મોરો જોબન બીતો જાય—બા૦
ચંદા તોરી ચાંદની, સુતી પલંગ બીછાય
જબ જાગું તબ એકલી. મરૂં કટારી ખાય—બા૦
પ્રીતમ પ્રીત લગાયકે, છોડ ગયે પરદેશ
જાવું વાકે યાદમેં, લઊં જોગનકા બેશ—બા૦

૧૩૯ બારીસ્ટર

પથ્થરને મુરખો પુજે, તાંણે ટીલાં લઇ કપાળ
વહેમોની વાતો સુઝે પરણાવે નાનાં બાળ,
કરે બદકામ બોળે હીંદ નામ, ઠરે નીચ ઠામ, મુકેછે નામ
લીયે જુઠ દામ, મળે શું આરામ, વા.છે હીંદુ તમામ

૧૪૦ જયરાજ

મોહન આવો મલપતાને પોઢો પ્રેમે પલંગ,
અંગ ફુલ્યાં નવરંગ મારા રાય રમોને રંગ.
સલુણા સાહેબાજી હો, મોરે મનમોહની લાગી રાજ
આજ ભરી ભરી રંગ તમોને છાંટું છબીલા છેલ
ચૌદ બ્રહ્માંડ ચકીત બને એવા ખાંતે બતાવું ખેલ—સ૦
એક છબી છે આપની એવી સુરજ કોટી સમાય,
પારસી પીરસી કંચન થાશું હર્ષ હૈયે ન સમાય—સ૦

૧૪૧ રામ ચરીત્ર

અરે વાહરે વાહ નાથ મારા રસીઆ રંગીલા સ્વામીરે.
રંગ રંગીલા સ્વામીરે, છેલ છબીલા સ્વામીરે—અરે૦
પ્રેમ સુધારસ પાઓ સીતાજી, અધીર મન અકળાય.
લટકાળા, મટકાળા, રઢીઆળા, મણી માળા,
મળ્યા ઉત્તમ મને જનકની બાળા આથી વાળીરે,

૧૪૨ સુંદર વેણી

ગરબે રમવાને ગોરી નીશર્યાંરે લોલ.
રાધીકા રસીલી જેનું નામ અભીરામ વૃજ વાસણીરે લોલ
તાલી દેતાં વાગે જાંજર ઝુમણારે લોલ.
રમે રમે ગોકુલની નારી પીયા સંગ પ્યારીરે,
ધુમે ધુમે શ્યામને શ્યામ તે પર જાઉં વારી રમે સાહેલીરે રાધીકા.
સજી સજી સોળે સણગાર ઠમકતી ચાલેરે.
ભજી ભજી નંદલાલનું નામ ગોકુલીએ ગામ અતીશે માલેરે—રાધા૦

૧૪૩ ઉદય ભાણુ

જે કરશે તે ભરશે કોઇ શું કરશે.
બાદળ વાવીને આમ્ર સ્વાદ કેમ લેશે
કેસુડે વાન મળશે, નહી કેતકી કદીએ ફળશે
જે વાવે તેવું લણશે, કરણી સરખા ફળ દેશે,
કૌવચ સંગતથી રંગતથી રંગત શું રહેશે ?
ચંદન ખંડનથી ગંધ અખંડ ન વ્હેશે.
મદ મધ પુડે જે વળશે, મધ ભાગ્ય હશે તો મળશે.
પણ ચટકા તો નવ ટળશે, આ દેશે પરદેશે.

૧૪૪ ત્રાવીકમ

મુખ નહીં બોલે બાળા તમારી પ્રેમ તણો જે પંથ
બાના સુખને જો ઇછો તો, અરપો યોગ્યેજ કંથ—બા૦
દ્રવ્ય ન જોશો, મહેલે ન મોહો, જોશો ન કુળ અભીમાન
વિચ્યારે જો જો, બ્યસને જો જો, રૂપ સુરગુણખંત—બા૦
કરી પરીક્ષા પછી સોંપજો, નીજ દુહીતાનો હાથ,
નાલાયક નરને દેશો તો, દુઃખે આવશે અંત.

૧૪૫ જગદેવ પરમાર

થઇ ઘણો વિદેશ વિખ્યાત, ઘેરે વિર વેલો આવજે (૨)
મારા બંધુ કીરતી ગજાવજે—થઇ૦
મારી રઢીયાળા વીરમતી, માટ ચુડામણી લાવજે—મારા૦
તુંને સદા અંબીકા સહાય, પરાક્રમી કહાવજે—મારા૦
થઇ રણમાં આગળ વીર, વીર તું દુધ દીપાવજે—મારા૦

૧૪૬ ભરથરી

અયે કમજાત પીંગલા તેને, બહોત દગા દીયા
ભાઈ જેસા ભાઇ મેને, દેશ નીકાલ કીયા—અયે૦
તેરેપર ઇતબાર રખા, તે બુરા કીયા, જન્મ મેરા આજ તે ખરાબ કરદીયા
નીરદોષ મેરા બંધુ, માલવ દેશશે ગયા, નઠોર કઠોર નારી જાત દીલમે નહીં દયા

૧૪૭ રામ વીયોગ

સાહેલી ! નવ શરમાઇએ,
રસ પાઇએ વળી પીએ, પીને પ્રીતમ ગુણ ગાઇએ
છણકાઇ ઘડીક રીસાઇએ
રીસાઇએ, માન ખાઇએ, તોએ ઝાઝાં ન માને તણાઇએ-સા૦
"ઊહું કહીએ, આડાં રહીએ, આઘા જઇએ, મોંઘા થઇએ.
હાં બા હાં" રીતમાં રહી રીસાઇએ-સાહેલી૦
રહીએ પણ સખી રીસમાં, ઝાઝુ ન કરીએ જોર
વાત વચકતી જાણતાં, ખેંચી લઇએ દોર-સા૦
મોહન મનાવી લઇએ,
તાળી લેઇએ, વળી દઈએ, હશી હશીને ખશી ખશી જઇએ—સાહેલી૦
"આવો રસીઆ, મન વસીઆ, કેવા ઘશીયા, ઠીક ઠસીયા,
હાં બા હાં"—રીતમાં૦ સાહેલી૦

૧૪૮

ધનવાનો ખરચો ધન, વીચારી મન
કરો દેશોન્નતીનાં કામ, મળી સહુ અરપી તન મન ધન—ધનવાનો૦
પરમાર્થ કરો ધરી પ્રીત, ચતુરાઇ ચલાવી ચીત
સુમારગે વાપરો વીત, ફળ મળશે મનવાંછીત
મીથ્યા માનો તન ધન, એ ગુણીજન-ધનવાનો૦

૧૪૯

અહો મારી દીલજાન, કરૂં, જીવા કુરબાન, તારા પ્યારસે બદલામ તું સમજ
તારા ઘરની જો પાસ, ફેરા ખાઊં દીનરાત નથી થતો મેલાપ તું સમજ
પ્યારી દીલજાન, સાચુ કહુંછું માન, જોઇ સુરત જવાન હું હતો હયરાન
તારી ભમર કમાન, જાણી પરી સમાન, જોઇ મીઠી ઝબાન, હુ થયો ગુલતાન
પ્યારા દીલદાર છો હૈયાના હાર, તમે મારા સરદાર હું તમારી નાર
મને ખરો આધાર છે, તમારો પ્યાર, નહીં ગમે સંસાર આપ વીના
લગાર-તુ સમજ-અહો૦

૧૫૦

ભોળા પ્રેમી—ગઝલ

કમળ ભોળું, કુમુદ ભોળું, ભ્રમર ભોળો, દિવાનાં છે,
જે જેનું ન તે તેનું, પ્રેમી પ્રેમી જુદાના?
ભ્રમર ગુંજે કમર કુમુદે, ન જેને છે કદર તેની,
દિલ તેઓ તણા નભમાં, પ્રેમી પ્રેમી જુદાના?
કમલ પ્રેમી રવિનું જે, કુમુદ બાઝયું શશીને જે,
ફરે ઉંચો તે એ પરવા, પ્રેમી પ્રેમી જુદાના?
કમલ, ભમરા, કુમુદ જેવું, હ્રદય મ્હારૂં ખરે ભોળું,
કુદે, બાઝે, પડે પાછું, પ્રેમી પાહાડ પાણો છે?
ઇચ્છે દાસ થાવાને, ન કોઇ રાખતું તેને,
બિચારૂં દિલ આ કહે છે, "પ્રેમી પહાડ પાણો છે."
મનની પ્રીત દીઠી મેં, ઝાકલ મોતી જેવી તે,
લાડુ લાકડાનો સ્નેહ, પ્રેમી પહાડ પાણો છે?
હવે મનજી મુશાફર તું, બહેતર જા બિયા બાંને,
કરીલે પ્રીત પક્ષીથી, પ્રેમી પહાડ પાણો છે?
નિઃશ્વાસે ભરયું હૈયું, શ્રુવથી ભર્યો ચક્ષુ,
મગજ બલતું કહે છે; હાં? પ્રેમી પહાડ પાણો છે?

૧૫૧

ગઝલ

અહાં ! હું એકલો દુનિયા બિયા બાંમાં સુનો ભટકું;
રઝલનો ઇશ્કને રસ્તે અહિં તહિં આંધળો અટકું;
બતાવી રાહ આ જેણે ગયાં તે શું દગો દેઇ?
રિબાવી રોળરાવી, ને શું રમશો ખાકથી મ્હારી?
સુણાવું શો કવિતા આ ઝીલું રસ નેત્રથી ઝરતો?
હ્રદય હ્રદયે મીલાવો તો જીવું ઉઠું પડયો મરતો?
અરે ! તે બાલપણાના કયાં ગયાં સાથી બધા સાચા
ગઇ કયાં પ્રાણ પ્યારી તે ! રહી ભાગ આ વાચા?
સુણાવું તેય કયા બેસી ! નથીકો ઠામ રોવાનું?
ભરયું છે બે કદર દુનિયા વીષે જ્યાં ત્યા વગોવાનું.
... ...
અરે ઉસ્તાદ ! કયાં પાયો મને આ ઇશ્કનો પ્યાલો?
કર્યો સંસાર ભર સુનો; વફાઇ કયાં મળે? ચાલો?
ઉથામ્યાં ધર્મ સાસ્ત્રોને, ગણાયો જ્ઞાની પંડીતમાં,

ફરી દષ્ટિ નકો ઠામે, પ્રીતી રીતી અખંડીતમાં!

... ...

અહીં તહીં આ ભટકવામાં નથી શાન્તિ તણી આશા;
સીતમગર ! લે, ધરી ગરદન; નીરાશા એજ છે આશા!

... ...

કહીં લાખો નીરાશામાં અમર આશા છુપાઇ છે?
ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઇ છે?
જુદાઇ જીંન્દગી ભરની કરી રો રો બધી કાઢી,
રહી ગઇ વસ્લની આશા, અગર ગરદન કપાઇ છે?
ઘડીના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી,
હજારો રાત વાતોમાં ગમાવી એ કમાઇ છે?
જખમ દુનીયાં જબાનોના મુશીબત ખોફના ખંજર,
કતલમાં એ કદમ બોસી ઉપર કયા મત ખુદાઇ છે?
શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ,
અગમ ગમની ખરાબીમાં, મજેદારી લુટાઈ છે?
ફના કરવું ફના થાવું, ફનામાં રાહ સમાઇ છે,
પરીને જીવવાનો મન્ન દીલબરની દુહાઇ છે?
જહરનું નામ લે શોધી તુરત પીલે ખુશીથી તું,
સનમના હાથની છેલી હકીકતની રફાઈ છે?
સદા દીલમાં તડપવામાં સનમની રાહ રોશન છે?
તડપતે તુટતાં અંદર ખડી માશુક શાંઇ છે?
ચમનમાં આવીને ઊભો ગુલોપર આફરીં થઇતું,
ગુલોના બારથી બચતાં બદન ગુલને નવાઇ છે?
હજારો ઓલીયા મુરશીદ ગયા માશુકમાં ડુલી,
ન ડુલ્યા તે મુવા એવી કલામો સખ્ત ગાઇ છે?

૧૫૨ ચંદ્રહાસ

ડરમાં તું દીલસાથ છોકરા, ડરમા તું દીલસાથ,
તુંને કોઇ ન મારે લાત, છોકરા૦
તુંને સંભાળું પ્રીતિથી પાળું ચાલ તુંને મારા મેહેલ દેખાડું
ઘરેણા વસ્ત્ર સારાં સારાં કાઢું, ચાલ તું જો મારા મેહલના ચીત્રો
રમકડાં રૂડાં ન્યારા વીચીત્રો, અરે મારા કેવા છે કંકણુ હાથ
જોજે મારે કેવા કંકણુ હાથ—છોકરા૦
તમે માયાળું દીલદયાલું સૌના કહયા વીના હું નહી આવું
માત પીતા તમ ભ્રાતકો પાવું, વિષયાજી એહું સત્ય કહાવું
નાના નહીં હું તો ત્યાં નહી આવું, તમે મુકો મારો હાથ—છોકરા૦

૧૫૩ ચંદ્રહાસ

વટસાવિત્રી વ્રત આજ, પુરણુ કરીએ રે;
લઇ કુમકુમ અક્ષત હાથ, ફળતો ધરીએ રે.
છે પવિત્ર વસ્ત્રો બેન, આપણે અંગે રે;
કરો પુજન વડનું આજ, સૈયર સંગેરે.
વિધિ આ વ્રત તણીરે, સાચવો તમો;
તો તો મંગળ તમારૂં થાયરે, આયુષ્ય પ્યારા પતિનુંરે વધારશો.
શાસ્ત્ર વિશે સુંદરતા શીએની લખી
તેથી તમારૂં રૂડું થાયરે, આયુષ્ય પ્યારા પતિનુંરે વધારશો
કંકણુ કર વિશે ચમકે તમારાં, અંબોડા શિરપર શોભે છે સારા
એ સૌ રહેશે રૂપાળાં, વ્રતની વિધિ સંભાળો.
ઝાંઝરનો ઝમકારો તમારો, લટકો મટકો ને ચટકો તમારો
ખટકો હોય જો પ્યારો, વ્રતની વિધિ સંભાળો . વટ૦

૧૫૪ મદન–વસંત

કહું વાત હું વિગતે વિચાર, વનિતાં ? વખત વધુ ન લગાડ
કર ધરીને કરવર પ્યાર, વનિતા ! વખત વધુ ન લગાડ–
વિધ વિધ સાડી, પહેરાવું દાડી કમખાને ચોળીને ચણીયોને નાડી
હાર હીરાનાને માળ સુંવાળી ઝાંઝર ઝુમણુ, મોતીની વાળી.
ખવરાવું પકવાન, થાતુ તો જાડી પગમાં બે જોડા ને છતરી લે કાળી
ચડવાને ગાડી ને ફરવાને વાડીહું તારો લાડો ને તું મારી લાડી
હું તારો લાડો ને તું મારી પાડી મીઠા મીઠા મેવા ને જોઇ જોઇને લેવા૦
લહેરાજીના વીહવા, નહી ખાવી કે પીવા તું ચાલને થા તૈયાર વનિતાં૦–કહું

૧૫૫ કુંદબાળા

જાઓ જાઓ એવી પાપી વાંણી બોલતાં લજાઓ
કાળુ મહોડું કરી આવતાં શું નહી શરમાઓ જાઓ.
છોડી મુજ પ્રાનધાર કરૂ બીજાં ભરથાર ?
છોડી ધરમ વિચાર, તજી દમ સાચો પ્યાર !
વસાવું પાપી વિકાર, મુજ અંતર મોઝાર;
કરતાં એવો ઉચ્ચાર, જાઓ લજાઓ લગાર. જાઓ
પ્રીતમની પ્રીતનહી જીવગમે પણુ છોડું
અવર પુરૂષ સાથે કદી પ્રેમ નહીં જોડું.
રહી સત્ય ધરમે ચહી પ્રાણુ પ્યારો સહી સંકટો એલહી સદા વિચારો
નહીં હું કદી થાઉ તાબે તમારે, મને કોઇની છે ન પરવા લગાર. જાઓ૦

૧૫૬ સતી સુલક્ષણા

અરે આ અબળાનો પોકાર નાથ જરી સાંભળો રે-
કહું હું કરગરી સોસો વાર વારે વ્હેલા વળોરે-
દુઃખીયારી આ નાર બીચારી ......જરડે-
સ્વામી તમવિણ સતીના સકંટ કો...ણ હરે-
કર કરુણા કીરતાર—અરે૦
સીતા સતી તારામતી દમયંતી દેહ દુઃખ વેઠતી—
સતીઓને દુઃખ આવે આવો પણ સત્ય કદી નહિં છોડતી—
ઘડી સુખને ઘડી દુઃખ એવી આ જગતની છે રીતી
ધીરજ ધરીને બાઇ થાશે-સહાય શ્રી સીતાપતી-અરે

૧૫૭ સુશીલા

હું ક્ષત્રિય કેરો તન, પાપીનો પરાજય કરૂં રે;
ગરજાવી મુકુ હું ગગન, ત્યારેજ અન્નમુખ ધરૂં રે,
દુશમન વિડારણ કાજ, પાપીનો પરાજય કરૂં રે,
અવતાર ધર્યા મેં આજ, ત્યારેજ અન્નમુખ ધરૂં રે.
નથી ભીતિ ચિત્તમો ઝાર, પાપીનો પરાજય કરૂં રે;
મારી કાપી કરૂં હું ઠાર, ત્યારેજ અન્નમુખ ધરૂં રે.
હજી છે શુરવીરનો અંશ, પરાજય કરૂં રે,
પૃથ્વી નથી ગઇ નિરવંશ, ત્યારેજ અન્નમુખ ધરૂં રે.
માઝા મુકી નથી હજી ભાન, પાપીનો પરાજય કરૂં રે,
શશિએ નથી બદલ્યું સ્થાન, ત્યારેજ અન્નમુખ ધરૂં રે.

૧૫૮ કનકતારા

પૈસા પૈસા પૈસા તેરી અજબ બની બલીહારી
સભી જહાંમે પૈસા સબપર કરતા તું સરદારી!
તેરે બીના ન ચલે કીસીકાં તેરી સુરત પ્યારી
તેરી ખાતર હમને સરપર ઉઠાઇએ દુશવારી.
પૈસેવાલે ખુબસુરત! બિન પૈસેવાલે મૂરખ!
આયે બારેતઅલા તેરી અજબ બની હએ કુદરત.
પૈસેવાલોંકી સભી કરતે તાબેદારી.

૧૫૯ સુંદરવેણી.

સિપાઇ તેરી નાલીશ કરૂંગી પોલીસમે,
તેં મેરા બટવા ચુરાએ—એ પટવે, નાલીસ.
બટવા ચુરાયા અંગુઠી ચુરાઇ.
જોબન લુટાયા મુફતમે. એ પટવે—નાલીસ.

૧૫૦ કામસન રસીકા

ચંદ્રમુખીને એકલી મુકીને હું આવ્યો અહી.
પ્રિતીની જાળ તોડીને જીવ કર્યો મેં પ્રીયસહી.
ધીકક હવે છે જીવવું ધીકકાર ફરવામાં અંહી
પ્રાણુથી પ્રિય પત્નિ જે છોડીને હું આવ્યો—અંહી-ચંદ્ર૦
મારી અવસ્થા શી થઇ છોડી જતાં પ્રિયા તને
નીરજીવ થઇ હવે કરૂં તેથી ભલું મરવું અહીં. ચંદ્ર

૧૬૧ માનશીંહ અભયશીંહ

ફેંકી દીધો જ્યાં કીરતારે પછી કોણુ ચડે ત્યાં વ્હારે,
આપે દુઃખ તે મરજી ધારે, વિધી હોય પ્રતીકુળ ત્યારે
રહેવા દે ન ક્યાંય કરારે. આવી પીડા આવે જ્યારે,
મુંગો ક્યાં જઈને પોકારે, પકડી ખુબ કદિજો મારે,
તેવી પીડા થઇ છે મારે, અરે પીડા થઇ છે હાય!
અરેરે પીડા થઇ છે હાય? ફેકી૦
રાજ ગુમાવ્યું સ્હેજ સાનમાં, રમ્મત ગમ્મત કરતાં કરતાં,
ભાઇ ગુમાવ્યો સોના જેવો હાય! જંગલમાં ફરતા ફરતાં
દુઃખની બાજી જોવા સારૂં, હું જીવ્યોછું મરતાં મરતાં
ક્યારે મલશે ભ્રાત ટકયોછું, બસએ આશા ધરતાં ધરતાં
હકીકત જે કઇ આપે જાણી, એ છે મ્હારી દુઃખની કહાણી
ક્હેતાં આવે આંખે પાંણી
શાંત તો થવાયના દુઃખ થાય હા ? હા?
જીવથી જવાયના દુઃખ થાય હા ! હા
જો સુખીઓ ધારો તો હું છું જો દુખીઓ ધારોતો હું છું
ધીર ક્ષત્રી બાલક હું છુ રહું છું આ અવતારે ફેકી૦

૧૬૨ રસીકમણી

ચલરે ગાગર ચલરે ગાગર જમુનાજી જઇએ
જમુનાજી રળીઆમણારે ગાગર ઘુમે. ચલરે૦
પાંણીડા જાંઉ તો મને તડકોરે લાગે
સાહેબા ચંદરવા બંધાવો રે, ગાગર ઘુમે. ચલરે.
શેરીએ ચાલુતો મને કાંટારા ભાગે
સાહેબા ગાલીચા ઢલાવોરે ગાગર ઘુમે. ચલરે.

૧૬૩ સોભાગ્યસુંદરી

પીલે શરાબ મજેદાર મેરે યાર-પીલે૦
જાહીર દિલકો જોસમેં લાવે, રંજો હટાવે હજાર મેરે યાર પીલે૦
દરદ તમામકો ગર્દ કરતહે શરદમેં બહોત બહાર મેરે યાર. પીલે૦

૧૬૪ ત્રીત્રીઆમ

રૂમ ઝુમ ઠુમ ઠુમ પગ દઇ પ્યારીરે ફરીએ
ઓ પ્રીત નવી આ પ્રીત દીલમાં ધરીએ
હો મધુર સુધારસ પાન તમારૂં સ્નેહ થકી કરએ.
કરયું રાજપાટ કુરબાન તમોને જોઇ
તમ વિના પ્રેમદા ઉમ્મર આટલી ખોઇ
તો પ્રાણુ કીદા છે તમોનેરે વરીએ,
હો મધુર સુધારસ પાન તમારૂં સ્નેહ થકી કરીએ.
જઇ બાગ વીશે તમ રાગ રાગણી સુણીએ
રતુ રતુ તણા શંગાર સુખ ભોગવીએ
હો કામ કળા રતીપતિને રીઝવીએ. હો.

૧૬૫ ભરથરી

હાય કેમ સહેશે ઊજેની રંડાપો સહેશે ઉજેની રંડાપો
ધણી થઇ છે રાજાજી માફ રાખો—હાય,
બાણુ લક્ષ માળવાનાં છો સ્વામી કોડીલા રૂપને ખામી
ગૌર અંગે ભભુત શી જામીરે હાય૦
એક બાજુ કૃષ્ણા તમારી રૂએ ચંદ્રકળા ચોધારી નીર ચુએ
બાપુ સુખે ન આજ કોઇ સુએરે હાય,
મેહેલે મેહેલે વીલાપ છાયો છે પવન શોકનો સઘળે વાયો છે.
કલકલતાં બાઇઓને ભાઇઓ છેરે હાય૦
ખ.ધે લટકી શી ભગવી આ ઝોલી આવયા વશ કર્યા એરૂ ઝઓળી
હાય હઇડામાં પ્રગટાવી હોળી રે—હાય૦
નથી વિક્રમભાની કંઇ આશા કીધા કરમે એવારે તમાશા
એણે બીજાં જંગલ કયાંઈ વાસ્યારે—હાય૦
ધણીનો ધારાં અમને કરોમાં આવું અણુધારયું પગલું ભરોમાં
જોગી જીવતાં ચિતામાં ધરો મારે—હાય૦

૧૬૬ ઉમાદેવડી

તારી નીંદના ગઇ તારૂં જીવતર ઝોલાખાય હો હંસા —
જોબન ધન જાશે જરૂર ઉડે જેમ કપુર
ભગવતને ભજ ભાવથી શું હંસા ચાટે ધુલ,
બહોત ગઇ થોડી રહી ચેતન કાંઇક ચેત
કાળ ઊંડરડો કાતરે તારૂં ઊતમ આયુષ્ય ક્ષેત્ર

૧૬૭ વીણાવેલી

કાયા કાચો કુંભછે જીવ મુસાફર પાસ
ત્હારો ત્યાં લગી જાણુને જ્યાંલગી શ્વાસો શ્વાસ
સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લહીએ,
રાખે જેવી રીતે રામ, રંગેતેવી રીતે રહીએ—સદા૦
પીપલ પાન ખરતાં હસ્તી કુંપલીઆં;
મુજવીતી તુજ વીતશે ધીરી બાપડીઆં
નહી જેવીને તેવી નિત્ય કોઇની નભતી જોઇએ
દશાના ઢંગ રૂતુંના રંગ જેવા દેખી લઇએ—સદા૦
કદી મ્હોલતો માળીઆં, કોઇ દીન છાપર ખાટ;
કોઇ દિન એવો આવશે, ભૂખ્યાં ન મળે ભાત—સદા૦

૧૬૮ હૃદયભાનુ

બાળા ભોળાંરે કુમરકા, પરણીને પસ્તાયાં રે,
પહેલાં ફુલી ચયાં ફાળકાં, હૈડામાં હરખાયાં રે;
ચાર દીન વહુ લાડકા, મનડામાં મલકાયા રે,
બન્યા એકદમ કાળકા, અંતરમાં અકુળાયાં રે;
મ્હેંતો જાણ્યું કે બાઇ ફુલડે ફુલાઉશું,
ખાજા જલેબી નિત્ય નિત્ય ખાઇશું—
મ્હેં આગલથી, મનમાં ધાર્યું, માન મહી મરડાઈશું
નણદીના વીરાને ઘડી ટીંગળાવી બાગોબે ભુ પાઇશું રે,
મોહન મળીઆ, વાતમાં વાઢીઆ...............
નળીઆં ખખડીયાં, વાણી ઉચારાયાં લે (લે રાંડ દીવો)
મ્હેં કહયું ઉંહું (૨)............
ચડસમાં ચઢીઆ, ખુબ કકળીઆ
ઉંહુંનું ઓસડ-ધોકા પડીઆ—પરણી
પરણ્યો પીટયો પર ઘેર ભટકે, ઘરમાં ન ખાવા પીવારે;
વરણાગીમાં વાંકો હીંડે, પતિ એવા કુલ દીવારે,
ઓશીઆળા થાઇએ, હૈ યેસી ઝાઇએ—પડે પીડાઇએ,
તોયે ઓ બાઇ રે-ધોકે ધીબાઇએ—પરણી૦

૧૬૯ નવલ—કુસુમ

સ્વીકારો સલુણી મારા પ્રેમની નીશાની
મન મોહના હું માથે ચઢાવવું—સ્વીકારો૦
એ નિશાનીથી બંધાણી મારા નાથની સદાની,
મનમોહના હું જીવથી જડાઉ—સ્વીકારો૦
હવે તો હું તારો તું મારી સદાની,
સાક્ષી શુંજાણુ દેવ, લગ્ન કીયાની.
દઇશ હું સુંશાણી દઇશ હું દેશ હું સુશાણી—સ્વીકારો૦

૧૭૦

મોહેલે પધારો મહારાજ મણીધર મોહોલે પધારો
વહાલા પધારો વ્રજરાજ મણીધર મોહોલે પધારો
સાખી કરી રાખી એ એકઠી ઘણા દીવસની ગોઠ
રાજ મલેતો કીજીએ આવી રહી મારે હોઠ—મણીધર૦
હું પણ દાસી બાવલી બાહયા પ્રભુની લાજ
જોબન લેહેરે જાય છે મનોને મારા રાજ—મણીધર૦
હું સરખી બહું આપને મારે તો એકજ આપ
રહેવાતું નથી રાજવીણ કોને કહું પરીતાપ—મણીધર૦
સેજ અમારી ફુલડે આનંદ ઉર ન સમાય
પ્રાણજીવન ત્યાં પોઢસો હું તો તલસીસ પ્યારા પ્રાણ—મણી૦
પ્રીતમદાસ દયાતણા શ્રી વૃજરાજ કુમાર
ઘણા દીવસની હોસ છે પુરો પ્રાણ આધાર—મણીધર૦

૧૭૧

કાનુંડો ન જાણે મારી પ્રીત બાઇ અમે બાળ કુંવારા રે-કાનુડો૦
જળરે જમુનાના તીરે હું તો ભરવાને ગઇતીરે
કાનુંડે ઉડાડયાં આછા નીર ઉડયાં-ફ્રરરરરરરે—કાનુંડો૦
જમુનાને કાંઠે વાલે રાસ રચ્યો છે.
સોલસે ગોપીના ઝાલ્યા ચીર ફાડયા-ચરરરરરરે—કાનુડો૦
હું તો વરણાગી કાના તમારારે નામનીરે,
કાનુડે તાણીને મારયા તીર વાગ્યા-અરરરરરરે
બાઇ મીરા કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળીને કીધા ખાખ ઉડી-ફ્રરરરરરરે—કાનુડો૦

૧૭૨ સૌભાગ્ય-સુંદરી

મારા તતમાં મનમાં ભર્યો છે ઠર્યો છે બય જાઉં ગજ જોતી,
વળી ગુમાવ્યું મેં ભાગતાં ભાગતાં (૨) નકવેસરનું મોતી-મારા૦
હાલવું ચાલવું હારીછું હાય જીવ મારો ગભરાય,
કેદી ફરી મારૂં મળશે મોતી, ગોરી હું કાઢીશ મોતી-મારા૦

૧૭૩ જુગલ-જુગારી

અમો અબલાને માયા વ્હાલીરે વ્હાલીરે વ્હાલી
પ્રીત વ્હાલીરે—અમો૦
વસ્ત્ર કરાવો, ઘરેણા ઘડાવો;મોતીડે મડોતો મન ખાલીરે ખાલીરે,
ખાલી મન ખાલીરે—અમો૦
નેહની નજરે નાથજી મારા. નારી બને ઘેલી કાલી રે
કાલી રે કાલી ઘેલી કાલી રે—અમો૦

૧૭૪ બારીરટર

બાલા શાણી તું શમાણી મને લાગે રે વ્હાલી.
લાગેરે વ્હાલી સલુણી કામીરે કાલી;
અંતર છલકાય મારૂં હર્ષથી ભરેલું આ,
વાળું કેમ આપનો આભાર હોજી આજ—બાલા૦
લેજો સંભાલ ફરીઆદ ગરીબ કેરી,
આવીશ જલદી ન અકલા લગાર ડાહી આજ—બાલા૦
વાહવાહરે મારી રંગીલી માલણ, હાં હાંરે મારી છબીલી માલણ.
ધન્ય છે તારૂં ચાંપલી રૂડું નામ
પાચ પટાનો ઘાઘરોને ફરતી મેલાવી ઝુલ;
ગોરી તારા ઓઢણે, આ દીલ કરછું ડુલ રે—મારી૦
સોના કેરો ચાંદલો ને માંહી મુંકયું નંગ;
અણીઆલી આ આંખો દેખી, નાનો થાય દંગરે—મારી૦
ફુલવાડીની ફુલસૈયામાં, નીત્ય કરતું મોજ;
રંગે ચંગને આનંદે, પ્યારા મારી રોજરે—મારી૦
ખાધું પીધું તેજ બાપનું, શું આવે છે સાથ;
મરતા જાય સૌ મુકીને, ખાલી બને હાથરે—મારી૦

૧૭૫ લીલાવતી

કામણગારી નારી કહેને મને વાત તારી રે.
છેલછબીલી છબી ફાંકડી આ દીસે અદભુત,
શુંશું કીધો ગામઠીઓ મુહો એતો બન્યો ભુત કામણ—
ચતુર વીચક્ષણ તું અહુરા ને પણ મુરખ સરદાર
ચંપકલતા કેમ ચાલે છે ગમારથો ધરબાર કામણ

૧૭૬ કુળાવતી

શું બાઇ કરમાવો કોમળ ગુલાબીઆ ફુલ
યોવન નવરંગેથી કોઇ ખીલતું ટપકેશી લાલી અમુલ—શું૦
રંગનો રસીલો વેગ્લો આવીને મળશે ફીકું પાડો.
ધીરાં નયનોથી નયનો મીલાવી ખીલવશે પ્યારૂં આગુન—શું૦

લાવણી—રંગત ખડી

સકરકંદ સાથે પાપડીબાઇના લગન.

કહું એક કહાંની બહુ હસવાની ધ્યાન ધરો સહું સમજો સજન
સકરકંન ઉપર પ્રસન્ન પાપડી બાઇએ કીધાં લગન

ચોક ૧ લો. ૧૭૭

એક દહાડાને સમે પાપડી બાઇએ દીલમાં કીધો વીચાર,
અબલા નારી હું તો કુંવારી કયાં સુધી જોઉં હરબાર.
રૂપવંતા હું જાતે જોવંતી ખીલી જો રહયું બંનેનો બહાર
જાય મારી આ ફોકટ જવાની માટે જોઉં કંઇ સુખ સંસાર.

ચાલ ૧૭૮

એવો અંદેસો દીલમાં કરીને આગલ પગલાં ખુબ ભરીને
બાહારથી આવી ઘેરે ફરીને દીલમાં તેણી ખુબ થઇ મગન
સકરકંદપર થઇ પ્રસન બહુ પાપડી બાઇએ કીધા લગન.

ચોક ૨ જો. ૧૭૯

તુરત તેડાવી ચોરી બાઇને કહે મારે ઘર આવો આજ,
જનમ પતરી આ લઇ જઇ મારી, કરો મારૂં કોઇ સાથે કાજ
કાજ કરજો મારૂં એવા નરથી કે બુજે મારા તનમાની દાજ,
દાજ બુજી કોઇ કાલે કરે નહી મને કદીબી ભુંડા આવાજ,

ચાલ. ૧૮૦

કામ કરો જઇ એટલું મારૂં કામ થાય તે લેજો તમારૂં
ઢુંડો વીચારી ઘર કોઇ સારૂં બુજે મારા તનમાંની અગન
સકરકંદ ઉપર થઇ પ્રસન પાપડી બાઇએ કીધાં લગન.

ચોક ૩ જો. ૧૮૧

ચાલ્યાં ચોરી બાઇ લટકો કરીને ઢુંડી લાયા જઇ ભીંડાને
જોઇ ભીંડાનું રૂપને લાગાં પાપડીબાઇ બહુ ડરવાને,
પસંદ કીધો નહી ભીંડા બાઇને ત્યારે લાયા પપેટાને,
પાપડી બાઈની સાંબો લાવીને ચોરી બાઇ તેને વખાને.

ચાલ. ૧૮૨

જુઓ પાપડીબાઇ આ બીજો નર હોબો તમારી સાંબો દીલબર
એથી વધુ કોણુ મલશે સુંદર થાઓ તમે એપર પરસન-
સકરકંદપર થઇ પ્રસન બહુ પાપડી બાંઇએ કીધાં લગન.

ચોક ૪ થો. ૧૮૩

પસંદ આયા નહીં બંને તેવારે ત્રીજાને ચોરી લઇ આવી
નામ સકરકંદ એનું એમ કઇ પાપડીબાઇને સમજાવી.
પાપડીબાઇનું જીતી લીધું મન લાલ સકરકંદ દેખાડાવી
પ્રસંન થયાં પાપડીબાઇ તેપર દીવસ લગનનો ઠરાવા.

ચાલ. ૧૮૪

સુભ મુરત દેખડાવી ભાઇ રાજી થયાં બહુ પાપડી બાઇ
મીજલસ તરકારીની ભરાઇ પાપડી બાઇનું હરખે મન
સકરકંદ ઉપર થઇ પ્રસન પાપડી બાઇએ કીધાં લગન.

ચોક ૫ મો. ૧૮૫

ગલકાં, તુરીયાં કંટોલા ને કારેલાંની લાગી હાર,
દુધી તુરાઈ વેગન કોબી કારી–ફુલાવર કરે પુકાર.
ફુલકર સલગમ મુરા વેલાતી મેનીજમાં ઊભા સરદાર,
ભીંડા પપેટા બેહુ જણાઓ બળવા લાગ્યા જોઈ દીલદાર.

ચાલ. ૧૮૬

મેનીજમાં મેથીની ભાજી ચોલાઈ ખટુમશે આવી જાજી
પાલક સુવાની ભાજી રાજી થઈ કરી તન મન અરપન,
સકરકંદપન થઇ પ્રસન બહુ પાપડીબાઇએ કીધાં લગન

ચોક ૬ ઠો. ૧૮૭

ફરેંચ-બીટ કવરા-બીટ બંને સૈયર આવી ભપકો કરી.
ગરીબ બીચારી ગુવાર- ફળી જોઇ તેને દીલમાં રહી ડરી.
સીંગ વટાણાની તીનદોરાં દાંગર ફનસ સાથે કાકડી
ગાજર દબલબીજ કાંદા રતાળુ સરગવાની સીંગ આવી ફરી.

ચાલ. ૧૮૮

તામોટા ભાજી દાંભાની આલુ મુલા ને તાંદલ જાની
મગની સીંગ ભાજી ટાંકલાની ખુબ નાચવાં લાગું સુરન,
સકરકંદ પર થઇ પ્રસન બહુ પાપડી બાઇએ કીધાં લગન.

ચોક ૭ મો. ૧૮૯

મોગરી બાઇ બહુ મગન થઇને તોરથી ખુબ ગાવા લાગી
કાચા ચીભડા કુદે ચોકમાં તેને સમજાવા લાગી.
હથીચોક ને બીલમરી બંને મરાઇને બહાર જાવા લાગી,
પડી ચોધારી વચ્ચે આડી તેને તે પતાવવા લાગી.

ચાલ. ૧૯૦

લગન થયાં બહુ ધુમ ધામથી આવી તરકારી ગામે ગામથી
પાપડી બાઇ થયાં ફારેગ કામથી કરવા લાગા અમન ચમન,
સકરકંદપર થઇ પરસન બહુ પાપડી બાઈએ કીધાં લગન,

ચોક ૮ મો. ૧૯૧

મહીના રણા પછી પાપડીબાઇને પેટે થયાં બે બાળ નીશાન.
એક પુત્ર એક પુત્રી અવતરી સાર સહી કહે છે નશરવાન.
નામ આપ્યું વાલ કરીને પુત્રનું સમજો દીલજાન,
નામ તીતોરી પુત્રી બાઇનું આપી કીધો પુરો અરમાન.

ચાલ. ૧૯૨

ફરશરામની ફતે આજે કરે છે અબદુલહુસેન અવાજે
ફરામ ફરેદુન ફરમા ગાજે બળે અદલના કુલ દુશમન
સકરકંદ ઉપર થઇ પ્રસન પાપડી બાઇએ કીધાં લગન.

૧૯૩ કેનકતારા

મુંતો મારવાડસો બણીઆરે મુંબઇ શેહેરમાં આયો,
મારવાડસે નીકલ્યો જબતો પાંઉમે નહીથો જુતો
ઘાસલેટરી ફેરી કરીને પાંજરાપોલમે સુતો —મુંતો૦
વ્યાજ બટારો ધંધો કરરે પૈશા પોંચ કમાયો,
આધી આધી જમે કરીને લાડીજીરે લાયો —મુંતો૦

૧૯૪ વીણાવેલી

પ્યારેતોરે અંગમે ફુલનકી બહાર હય સૈયાં,
ફુલનકી બાજુબંગ ફુલનકા ગજરા
ઓરસોહે ફુલનકા ગલે હાર હય—પ્યારે૦
નેના કમલ ઓર ચહેરા ગુલાબ હય,
ગોરે ગોરે ગાલ સૈયાં ગુલે અનાર હય—પ્યારે૦

૧૯૫ કુલીન-કાંન્ત

મામા આવો જુલમ કાં સહન કરોરે,
કાં સહન કરોરે ! શીદર દુઃખી ફરોરે,
શાને માટે મન શોક ભરો ! મામા૦
આપ પ્રતાપે પહોચ્યું હું આપે
હાર ખાશું એમ નહી આપદીલડરોરે—મામા૦
પ્રજા રીબાયે દુઃખી થાયે,
કેમ તેની નહીં દયા લેશ ઉર ધરોરે—શાને—મામા૦
મરૂં કરણુંને, ભાવું ચરણમાં,
વીખી તોડી ફોડી નાખું તો ભાણેજ ખરો-રેશાને-મામા૦

૧૯૬ ભરતરી

શુણ્ણુ શ્રી જીત ભરથરી ભુપ, ઉજેની તારીમાં ન રહુરે
રાખ ચતુરાઈ રહે હવે ચુપ—ઉજેની૦
હવે માલવાનું અંન નહી ખાઉ—ઉજેની૦
વેગે અરણ્યમાં ચાલ્યો હું તો જાઉ—ઉજેની૦
ધિક ધિક લપટાણો મતિ મંદ—ઉજેની૦
ફટ ફટ સમજ્યો ન નારી ફંદ—ઉજેની૦
ફસ્યો પીંગળાના પાપી પંઝામાં—ઉજેની૦
વાગે ત્યારે સંભારજે તેના ઘાય—ઉજેની૦
ચાલ્યો જાઉં સાચે ક્ષત્રી ધરી હામ—ઉજેની૦
તારી ઉજેનીમાં ટકવું હરામ—ઉજેની૦

સમાપ્ત.

પરનારીની પ્રીત કરવા વિશે.—૧૯૭

લંગડી.

ખારથી ખારી દુખ દેનારી બલા છે ભારી પરનારી,
જીવ લેનારી-અકારી મીઠી ઠગારી પરનારી.

ચોક ૧ લો.

જંગલ જંગલ ભટકાવે રખડાવે સતાવે પરનારી,
હરદમ રડાવે-ડરાવે માર મરાવે પરનારી.
ગરદન કપાવે પૈસો તજાવે મન લોભાવે પરનારી,
શરમ છોડાવે-લડાવે કલેપ કરાવે પરનારી.
કિરતી તમારી ભુલે મકારી એવી છે સ્તારી પરનારી,
જીવ લેનારી-અકારી મીઠી ઠગારી પરનારી.

ચોક ૨ જો—૧૯૮

જીવને બીગાડે બુરાઇ વધારે તજો જેવારે પરનારી,
ન પાર ઉતારે-ન ધારે કોઇને વિચારે પરીનાર.
ખાંસડાં મારે ભોંયે પછાડે તાલિ વજાડે પરનારી,
યારી મીટાડે-સમારે કદી ન તારે પરનારી.
દીયે વિસારી તમારી પ્યારી એવી લુટારી પરનારી,
જીવ લેનારી-અકારી મીઠી ઠગારી પરનારી.

ચોક ૩ જો. ૧૯૯

સેજથી ઉઠાડે ભોંયે સુવાડે કાલજું કહાડે પરનારી,
સંકટ પાડે-રમાડે હાથ ધોવાડે પરનારી.
દયાનત બગાડે કરડવા માંડે નાચ શીખાડે પરનારી,
લોભ દેખાડે-સવાદે ખાય હર દહાડે પરનારી.
બહાર પુજારી મધે ધુતારી બુરૂં કહેનારી પરનારી,
જીવ લેનારી-અકારી મીઠી ઠગારી પરનારી.

ચોક ૪ થો. ૨૦૦

ઝેર દેનારી ઝેર કટારી વ્યભીચારી_પરનારી,
નસંરાવન ધરી-વીચારી કહે ભીખારી પરનારો.
કરાવે જોરી ઘરથી કહાડી કરે ખુવારી પરનારી,
સહુ સનસારી-નેકહુ વીસ્તારી ધુતારી પરનારી.
અદલ પુકારી કહે લલકારી મે તો નીવારી પરનારી,
જીવ લેનારી-અકારો મીઠી ઠગારી પરનારી.

વાંચવા લાયક પુસ્તકો.

	રૂ	આ
માનસિંહ—અભેયસિંહની વારતા	૦	
પૃથુસિંહ પરમાર અને સતી મેના	૦	૧૨
બાગો બાહરે ગુલશન	૦	
ગુલઝારે ગુલશન બીજી આવૃતિ છપાય છે	૦	
ખંભાતનો ખુની	૦	
બત્રીશ પુતલીની વારતા...	૧	
ચિતોડનો ઘેરો અને અનીતિના માઠા પરિણામ ...	૦	
રામાયણ ગીરધર કૃત	૦	૧૪
કાવ્ય દોહન ભાગ ૧-૨-૩	૦	૧૧
બાદશાહ અને બીરબલ ૧-૧૨	૦	૧૨
રમણ-તારા	૦	૧૨
ભોજ કાલીદાશ ભાગ ૧-૫	૦	૮
ગુલાબસિંહ ઠાકોર અને કમળાવતીની વારતા... ...	૦	૬
ઓરંગઝેબ પરમહંસ	૦	૧૨
ફુલોનો હાર અથવા મધુર મનહર બીજી આવૃત ...	૦	૪
બસો બાવન વૈશ્નવ વારતા	૧	૮
મહાભારત ઇચ્છાશંકર કૃત	૨	૮
ધોળ તથા પદ	૦	૪
ગરબાવલી મોટી	૦	૪
બાહાદુર બારવટીઓ ને બાળકનું ખુન	૦	૪
ભરથરી નાટક મોટો	૦	૮
હલામણ	૦	૮
રાણકદેવી રાખેંગાર નાટક	૦	૮
પૃથુરાજ ચૌહાન નાટક	૦	૮
પૃથુરાજ ચૌહાન વારતા	૧	૪
ઉપદેશ ચીતામણી	૦	૮
છોટમ કૃત	૦	૮
બાલા મનજીની વારતા	૦	૮
ભગવત ગીતા	૦	૮
યોગ વાશીષ્ટ	૧	૦
અમુલ્ય રત્નનો ભંડાર અને સુંદર બાગ કીંમત ...	૦	૬
હાતમ તાઇ	૦	૫
ચારદર વેશ	૦	૫
જંગનામું મોહમદ હનીફ	૦	૬
ઝવાઝર હીંદ	૦	૬
અમૃત સાગર	૨	૦

ઠે૦-કાલબાદેવી
પોસ્ટ ઓફીસ,
મુંબઇ.

સુંદરદાસ માગજી.